આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- શીતવ શૈશ્નવ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૩૦-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## રાજયપાલ-યુનિવર્સિટીમાં માર્ગદર્શન

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગઈકાલે તમામ યુનિવર્સિટીઓના કુલપતિઓને **વીડિયો કોન્ફરન્સના માધ્યમથી વિવિધ વિષયો પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.**

રાજ્યપાલે 2036 માં રાજ્યના યજમાનપદે થનાર ઓલિમ્પિક રમતોત્સવ માટે અત્યારથી જ દરેક યુનિવર્સિટીને પોતાના રમત ગમત વિભાગને વધુ સુદ્રઢ બનાવી વધુમાં વધુ યુવાનોને રમતગમતમાં વિશેષ રૂપે તૈયાર કરવા જણાવ્યુ. વધુમાં તેમણે **'એક પેડ માં કે નામ'** વૃક્ષારોપણ-જતન-સંવર્ધનના આ મહાઅભિયાનમાં યુનિવર્સિટીઓના યુવાનો**ને વૃક્ષ વાવવા તેમજ** 'માય ભારત' પોર્ટલ સાથે જોડાઈ 'વિકસિત ભારત'ના નિર્માણમાં પોતાનું યોગદાન આપવા જણાવ્યુ હતું.

આ ઉપરાંત યુવાનોને સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ કરવા પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થતા અનાજ, શાકભાજી અને ફળફળાદી યુવાનોને મળી રહે તે માટે કોલેજ કેમ્પસમાં પ્રાકૃતિક કૃષિ પેદાશોના કામચલાઉ વેચાણ કેન્દ્રો ઉભા કરવા કુલપતિઓને અનુરોધ કર્યો હતો.

**(RNU અમદાવાદ)**

---

## ફિ-નિયમન સમિતિ

રાજ્ય સરકારે ફી નિયમન સમિતિની જાહેરાત કરી છે.. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત એમ ચાર ઝોનની સમિતિની જાહેરાત કરાઇ છે.

આ સમિતિ શાળાઓની ફી નિર્ધારણ અને નિયમન માટે કામગીરી બજાવશે.તમામ ચારે ઝોનમાં ફી નિયમન સમિતિના અધ્યક્ષ તરીકે નિવૃત્ત જીલ્લા ન્યાયાધિશની નિમણૂંક કરવામાં આવી છે. આ સમિતિનો કાર્યકાળ આગામી ત્રણ વર્ષ સુધીનો રહેશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## UDAN યોજના

**UDAN** યોજના હેઠળ હાલમાં **13** હેલીપોર્ટ અને **2** વોટર એરોડ્રોમ સહિત **85** એરપોર્ટને જોડતા કુલ **579** રૂટ કાર્યરત કરવામાં આવ્યા છે.

નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી મુરલીધર મોહોલે ગઈકાલે રાજ્યસભામાં એક લેખિત જવાબમાં આ માહિતી આપી હતી. મંત્રીએ કહ્યું કે**,** કેન્દ્ર સરકારે દેશભરમાં **21** નવા ગ્રીનફિલ્ડ એરપોર્ટની સ્થાપના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. તેમાંથી **12** ગ્રીનફિલ્ડ એરપોર્ટ છેલ્લા **10** વર્ષમાં કાર્યરત થયા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## સાપુતારા-મેઘ મલ્હાર મહોત્સવ

ગિરિમથક સાપુતારા ખાતે ગઈકાલથી  મેઘ મલ્હાર મહોત્સવનો પ્રારંભ થયો છે.

સાપુતારા ખાતે એક મહિના સુધી ચાલનાર  આ મહોત્સવને રાજ્યના પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ ખુલ્લો મૂક્યો હતો. મહોત્સવના પહેલા દિવસે ગઈકાલે વિવિધ વેશભૂષા અને સંગીતના સૂર તાલે નૃત્ય કરતા કલાકારો અને પ્રવાસીઓની હાજરી વચ્ચે શોભાયાત્રા કાઢવામાં આવી. ત્યારબાદ સરસ મેળાનું પણ મંત્રીશ્રીના હસ્તે ઉદ્ઘાટન કરાયું. આ પ્રસંગે પ્રભારી મંત્રી કુંવરજી હળપતિ,

ગુજરાત પ્રવાસન વિભાગના ઉચ્ચ અધિકારીઓ તેમજ ડાંગના કલેક્ટર સહિત અનેક અધિકારીઓ પ્રવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રોગચાળો માર્ગદર્શિકા

રાજ્યમાં ફેલાઇ રહેલા મચ્છરજન્ય રોગોથી બચવા આરોગ્ય વિભાગે નાગરિકો માટે માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના મચ્છરો ઘરમાં ન ફેલાય તે માટે ઘરમાં અને ઘરની આજુબાજુમાં પાણી સંગ્રહના પાત્રોને ખુલ્લા ના રાખવા, ઘરની આજુબાજુમાં પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી નાગરિકોને જણાવવામાં આવ્યું છે. મેલેરિયા થયો હોય તેવા વ્યક્તિઓને પૂરેપૂરી સારવાર લેવી જરૂરી છે. તેમને વરસાદી ઋતુ દરમિયાન બોટલ, ટીન, ટાયર, અને નાળીયેરની કાછલી, ભંગારનો નાશ કરવા સૂચન કરાયું છે. તેમજ નાગરિકોને ડોકટરની સલાહ વિના દવા લેવાઅને એસ્પીરીન જેવી દવાઓનો ઉપયોગ ટાળવાની સૂચના આપવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## વરસાદની આગાહી

રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ બાદ પુરની સ્થિતિ જોવા મળી હતી. ગઈકાલે સમગ્ર રાજયમાં વહેલી સવારથી વરસાદી વાતાવરણ જામ્યુ હતું અને સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના અનુસાર ગઈકાલે સાંજે છ વાગ્યા સુધીમાં 203 તાલુકાઓમાં વરસાદ વરસ્યો હતો જેમાં સૌથી વધુ પ્રાતંજમાં 6 ઇચથી વધુ વરસાદ ખાબક્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આગામી સાત દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી

કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન, શિયરઝોન અને ઓફશોર ટ્રફ સક્રિય થતા ગુજરાતમાં ફરી વરસાદી માહોલ જામશે. અમદાવાદ અને ગાંધીનગરમાં વરસાદનું ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યુ છે.

દરમ્યાન ગઈકાલે જીલ્લામાં આકાશમાં કાળા ડિબાંગ વાદળ છવાયા હતા અને ઝરમરથી લઈ ઝાપટારૂપી વરસાદ વરસ્યો હતો. રાપર અને ભચાઉમાં અડધોઈંચ તો અન્ય ચાર તાલુકા અંજાર, ગાંધીધામ,નખત્રાણા અને ભુજમાં ઝરમર ઝાપટ પડયા હતા.

**(RNU અમદાવાદ/શીતવ શૈશ્નવ/NP)**

---

## વરસાદની આગાહી

પેરિસ ઓલિમ્પિકમાં, ભારતના અર્જુન બબુતાએ પુરુષોની **10** મીટર એર રાઈફલ સ્પર્ધામાં ચોથું સ્થાન મેળવ્યું હતું. અર્જુન બીજા ભારતીય શૂટર છે જે મેડલ ચૂકી ગયા છે, મહિલાઓની **10** મીટર એર રાઇફલ ફાઇનલમાં રમિતા જિંદાલ પણ સાતમા સ્થાને રહી હતી.

તો ભારતીય પુરુષ હોકી ટીમની આર્જેન્ટિના સામેની મેચ ડ્રો રહી હતી. ભારતીય પુરૂષ હોકી ટીમ હવે આયરલેન્ડ સામે રમશે, જે ઓસ્ટ્રેલિયા સામે 1-2થી હારી ગઈ હતી.

**(NSD)**

---